# ગાંધીનગર જિલ્લામાં ફૂડ સિક્યુરીટી એલાઉન્સ પેટે બાળકોના બેંક ખાતામાં ૨૫૮ લાખ જમા થશે

ગાંધીનગર
ગાંધીનગર જિલ્લામાં ની ૬૪૬ જેટલી પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ અભ્યાસ કરતા ૧,૨૬,૬૬૧ જેટલા બાળકો, વિધાર્થીઓ ને કોરોના મહામારી અને લોક ડાઉન ના સમય ગાળા માં વેકેશન માં ઘર માં જ રહેતા તેઓની રોગ પ્રતિકારક શક્તિ માં વધારો થાય અને પોષક આહાર મળી રહે તે માટે ભારત સરકારે લીધેલા નિર્ણય અનુસાર ગુજરાત સરકાર દ્વારા પણ પ્રાથમિક શાળાના આવા બાળકો ને પોષક આહારના લાભ આપવાનો લીધેલા નિર્ણય મુજબ ગાધીનગર જિલ્લા ના ૧,૨૬,૬૬૧ જેટલા પ્રાથમિક શાળા ના બાળકો, વિધાર્થીઓને લાભ મળશે.

ભારત સરકાર દ્વારા નિયત કરાયેલ તા. ૪/૫/૨૦૨૦થી ૭/૬/૨૦૨૦ સુધી કુલ ૩૪ દિવસ માટે પોષક આહાર જથ્થો પ્રાપ્ત થશે. ઉપરાંત ફૂડ સિક્યુરિટી એલાઉન્સ પેટે રૂ ૨૫૮.૭૩૩ લાખ ઉપરાંત ની રકમ વિધાર્થી ,બાળકોના બેંક ખાતા માં તાલુકાવાર મામલતદારશ્રી કચેરી દ્વારા જમાં કરાવવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં જીલ્લા કલેકટર શ્રી ડૉ કુલદીપ આર્ય દ્વારા આ મધ્યા હન ભોજન યોજના હેઠળ પોષક આહાર જથ્થો અને ફૂડ સિક્યુરિટી એલાઉન્સ પેટે જમાં કરાવવા મંજૂર કરેલ છે.

જિલ્લા પુરવઠા અધિકારી અને મધ્યાહન ભોજન યોજના નાયબ કલેકટર શ્રી નિરૂપા ગઢવી અને તેઓ ની ટીમે ગાધીનગર જિલ્લા માં ધો.૧થી૫ ના બાળકો માટે દૈનિક રૂ.૪.૯૭,અને ધો.૬ થી ૮ ના વિધાર્થી ઓ માટે દૈનિક રૂ.,૭.૪૫ લખે કુલ રૂ.૨૫૮.૭૩૩ લાખ રૂપિયા પ્રાથમિક શાળા ના બાળકો ને નાણાંકીય લાભ મળશે

તાજેતરમાં નોવેલ કોરોનાકોવિડ-૧૯ ને વિશ્વ આરોગ્ય સંસ્થાએ વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. તેના અનુસંધાને ગુજરાત રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ ના આદેશ અનુ સંધાને ગાધીનગર જિલ્લાના મ.ભો.યો. અંતર્ગત પ્રાથમિક શાળાના તમામ નોંધાયેલ વિધાર્થીઓને ફુડ સિક્યોરિટી એક્ટ અલાઉન્સ તથા અનાજનું વિતરણ કરવાનું સરકારે નક્કી કર્યુ છે, (જાહેર રજા સિવાયના સમય-ગાળા માટે ) ફુડ સિકયોરિટી અલાઉન્સ તથા અનાજનું વિતરણ કરવામાં આવશે

આ અલાઉન્સ તથા અનાજનું વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા (N.F.S.A.) હેઠળ કરવાનું થાય છે તે મુજબ જિલ્લા કલેકટર શ્રી ડૉ કુલદીપ આર્યે દ્વારા ૬૪૬ શાળાના મધ્યાહન ભોજન હેઠળ નોંધાયેલ પ્રાથમિક શાળાના બાળકોને ફુડ સિકયોરિટી અલાઉન્સ તથા અનાજનું વિતરણ મંજુર કરવામાં આવેલ છે.જે અંતર્ગત આ તમામ બાળકોને નક્કી કરેલ દિવસે ફુડ સિકયોરિટી અલાઉન્સ તરીકે તેઓના ખાતામાં જમા કરવામાં આવશે

આ અંગે વધુ વિગતો આપતાં નાયબ કલેકટર અને જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવીએ જણાવ્યું કે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા(દ્ન.હ્ય.જી.છ.) અંતર્ગત ફુડ સિકયોરિટી અલાઉન્સ સ્કુલ મોનિટરીંગ કમિટી(જી.સ.ઝ.) મારફતે વિદ્યાર્થી/વાલીના ખાતામાં સીધા જમા કરાવવામાં આવશે ભારત સરકાર દ્વારા ધોરણ ૧ થી ૫ માટે ૧૦૦ ગ્રામ(૫૦ ગ્રામ ઘઉં-૫૦ ગ્રામ ચોખા),ધોરણ ૬ થી ૮ માટે ૧૫૦ ગ્રામ(૭૫ ગ્રામ ઘઉં-૭૫ ગ્રામ ચોખા) અનાજ નું પ્રમાણ નિયત કરવામાં આવ્યું છે. અનાજ દરેક મધ્યાહન ભોજન યોજના કેન્દ્ર ઉપર વિધ્યાર્થીઓના વાલી મારફતે સોશિયલ ડીસ્ટનીગ નું પાલન કરાવીને વિતરણ કરવામાં આવે છે.

એલાઉન્સ તથા અનાજનું વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.જે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા(દ્ન.હ્ય.જી.છ.) હેઠળ આપવાનું થાય છે તે મુજબ જિલ્લા કલેકટર શ્રી દ્વારા ગાધીનગર જિલ્લા ની ૬૪૬ જેટલી પ્રાથમિક શાળાના બાળકોને ફુડ સિકયોરિટી અલાઉન્સ તથા અનાજ જથ્થો વિતરણ માટે મંજુર કરવામાં આવેલ છે.જે અંતર્ગત આ તમામ બાળકોને નક્કી કરેલ દિવસે ફુડ સિકયોરિટી અલાઉન્સ તરીકે તેઓના ખાતા માં જમાં થશે. અને અનાજ પણ વિતરણ થશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લોકડાઉન વનમાં કહ્યું... આટલું જ કરો નહીંતર અમે આમ કરીશું... ટુ મા કહ્યું આટલું - આટલું કરો નહીંતર અમે આમ - આમ કરીશું... હવે ત્રીજા બાદ ચોથામાં એવું કહે છે કે તમને ફાવે તેમ કરો... અમે કાંઈ નહી કરીએ...!!

# કલોલના સોજા ગામે ખેતરમાં જુગાર રમતા ૭ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સોજા ગામની સીમમાં એલસીબી પોલીસે દરોડો પાડીને જુગાર રમતા ૭ જુગારીઓને પકડી પાડ્યા છે. પોલીસે શકુનીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૨૬,૬૫૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શનમાં કલોલ ગ્રામ્ય વિસ્તારમાં એલસીબી પીએસઆઈ ડી.એસ. રાઓલ, એએસઆઈ ધર્મેન્દ્રસિંહ, અ.હે.કો. લતીફખાન, અનુપસિંહ, અ.પો.કો. રાજવીરસિંહ, વિજયસિંહ, અનોપસિંહ સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે પો.કો.અનોપસિંહને બાતમી મળી હતી કે કલોલના સોજા ગામની સીમમાં બાબુભાઈ પ્રભુદાસ પટેલના ખેતરની બાજુમાં મકરોલના ઝાડ નીચે ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે રેઈડ પાડતા જુગાર રમી રહેલા નારાયણ ભાઈ બબલદાસ કડીયા, મહેન્દ્રકુમાર રેવાભાઈ વણકર, ભરતજી અમૃતજી ઠાકોર, રણજીતજી સોમાજી ઠાકોર, પ્રભુદાસ મણીલાલ કડીયા, સતિષકુમાર બળદેવભાઈ પટેલ, કનુભાઈ બબલદાસ કડીયા ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગાર રમવાનુ સાહિત્ય અને રોકડ રૂ.૧૦,૦૫૦, તેમજ ૫ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨૬,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૧૪૦૩ જળસંચયના કામોથી ૧૮.૨૪ લાખ નોકરી ઉભી થઈ

### ૧૨ હજાર તળાવોને ઉંડા કરવામાં આવ્યા : વર્ષ ૨૦૧૮થી શરૂ થયેલા અભિયાનમાં છેલ્લા બે વર્ષમાં જળસંગ્રહ ક્ષમતા ૨૩૫૫૩ લાખ ઘનફૂટ વધી : સરકાર

ગાંધીનગર,તા.૨૫
વિજય રૂપાણીએ સુજલામ સુફલામ જળ અભિયાનની બે વર્ષની સતત જવલંત સફળતાને પગલે આ વર્ષે પણ તા.૨૦ એપ્રિલથી તા. ૧૦ જૂન દરમ્યાન સમગ્ર ગુજરાતમાં આ અભિયાનનું ત્રીજું સંસ્કરણ શરૂ કરાવ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અગાઉ વરસાદી પાણીના સંચયથી કુદરતી પાણીના સ્ત્રોત ઊંચા લાવવા અને જળ વ્યવસ્થાપનમાં ગુજરાતને અગ્રેસર રાખવા સુજલામ સુફલામ જળ અભિયાનનો તા.૧ મે-૨૦૧૮ના દિવસે ભરૂચ જિલ્લાના કોસામડીથી પ્રારંભ કરાવ્યો હતો.

કોરોનાની વૈશ્વિક મહામારી સામે અને મહામારી સાથે સતર્કતા-સાવચેતીપૂર્વક જનજીવન વ્યવહારો રાજ્યમાં પૂર્વવત થવા માંડયા છે ત્યારે આગામી ચોમાસાની ઋતુમાં મહત્તમ જળસંચય-જળસંગ્રહ માટે સુજલામ સુફલામ જળઅભિયાનની ત્રીજા તબક્કાની કામગીરી પણ વેગવંતી બની છે. આ વર્ષના અભિયાનની શરૂઆતના તબક્કે જ કોરોના વાયરસ કોવિડ-૧૯ને પરિણામે અભિયાનના કામો લોકડાઉનની સ્થિતીમાં અટવાઈ પડયા હતા. મુખ્યમંત્રીએ લોકડાઉનના ત્રીજા તબક્કામાં ગ્રામીણ વિસ્તારોમાં મનરેગા સહિતના શ્રમિકોને રોજગારી આપતાં કામો સાથોસાથ જળસંગ્રહ ક્ષમતા વધારવાના સુજલામ સુફલામ જળ અભિયાનના કામો પૂનઃ શરૂ કરવા તંત્રને પ્રેરિત કર્યુ અને આ કામોમાં ગતિ આવી છે.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અભિયાનની વિગતો આપી હતી. તદઅનુસાર, રાજ્યમાં તા.૨૦ એપ્રિલથી શરૂ થયેલા સુજલામ-સુફલામ જળ અભિયાનના ત્રીજા તબક્કામાં અત્યાર સુધીમાં ૧૪૦૩ કામો પૂર્ણ થયા છે તેમજ ૫૬૭૬ કાર્યો પ્રગતિમાં છે. આ જળ અભિયાન કામોમાં તળાવો ઊંડા કરવા, ચેકડેમોનું ડીસીલ્ટીંગ, નદીઓના કાંપની સફાઈ જેવા કામોમાં અત્યાર સુધીમાં ૨૬૫૩૫ જેસીબી અને ૧ લાખ ૫ હજાર જેટલા ટ્રેકટર ડમ્પરના ઉપયોગથી સમગ્રતયા ૧,૩૨,૦૮૯ યાંત્રિક સાધનો દ્વારા માટી-કાંપ કાઢવામાં આવ્યા છે. આવી માટી ખેડૂતોને તેમના ખેતરમાં પાથરવા અને પાક ઉપયોગમાં લેવા વિનામૂલ્યે આપી દેવામાં આવે છે તેમ પણ મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટપણે ઉમેર્યુ કે, સુજલામ-સુફલામ જળ અભિયાનના આ ત્રીજા તબક્કામાં તા.૨૫મી મે સુધીમાં વિવિધ કામો પર જે શ્રમિકોને કામ મળ્યું છે તેનાથી ૧૮,૨૪,૪૪૧ માનવદિન રોજગારી મળી છે. એટલું જ નહિ, સમગ્રતયા આ જળ અભિયાનને પરિણામે અત્યાર સુધીમાં ૧ કરોડ ૩૩ લાખ ૯૪ હજાર ૯૩૬ ઘનમીટર જળસંગ્રહ થઈ શકે તેટલાં કામો રાજ્યભરમાં સંપન્ન થાય છે.

મુખ્યમંત્રીના સચિવએ મુખ્યમંત્રી પ્રેરિત આ સુજલામ સુફલામ જળ અભિયાનની બે વર્ષની સફળતાની વિસ્તૃત ભૂમિકા આપતાં જણાવ્યું કે, જનભાગીદારી દ્વારા હાથ ધરાયેલ આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ જળ સંચયનો વ્યાપ વધારવો, ભૂગર્ભ જળસ્તર ઉંચા લાવવા, સિંચાઈ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવી, ખેત ઉત્પાદનમાં વધારો કરવો, પાણીનો બગાડ ઘટાડવો તથા પર્યાવરણમાં સુધારો લાવવાનો હતો એમાં સૌ લોકોએ સક્રિયતાથી સહયોગ આપ્યો છે અને પરિણામે આ અપ્રતિમ સફળતા મળી છે. રાજ્ય સરકારની દીર્ઘદ્રષ્ટિને પરિણામે જળસંગ્રહ ક્ષમતામાં વધારો કરવા યોજાયેલ સુજલામ સુફલામ જળ અભિયાન અન્વયે રાજયના તમામ જિલ્લાઓમાં જળસંપત્તિ, પાણી પુરવઠા, ગ્રામ વિકાસ, શહેરી વિકાસ, વન પર્યાવરણ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ લિ. અને સ્થાનિક જિલ્લા વહીવટીતંત્રના સંયુકત ઉપક્રમે કામગીરી કરાઈ હતી.

આ અભિયાન હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્યભરમાં ૧૨,૨૭૯ તળાવો ઊંડા કરાયા છે. તે જ રીતે ૫,૭૭૫ ચેકડેમોનું ડી-સીલ્ટીંગ કરાયું હતું. તેમાં નવો જળસંગ્રહ થયો અને સંપૂર્ણ ભરાઈ જતાં ૨૩,૫૫૩ લાખ ઘનફૂટ જળસંગ્રહ થયો છે. ખોદાણના લીધે નીકળેલ માટી પણ ખેડૂતોને ખેતરમાં પાથરવા માટે આપવામાં આવી હતી જેના પરિણામે લાખો હેક્ટર જમીન પણ નવસાધ્ય થઈ છે. તેમણે ઉમેર્યુ કે, પાછલા બે અભિયાન દરમ્યાન મનરેગા યોજના હેઠળ પણ જનભાગીદારીથી કામો હાથ ધરાયા હતા. તે પૈકી તમામ જિલ્લાઓમાં ૩૦,૪૧૬ કામો પૂર્ણ કરી દેવાયા અને ૩૫,૯૬૦ કિ.મી. નહેરોની સાફસફાઈ, ૩૩૨૧ કિ.મી. કાંસની સફાઈ કરવામાં આવી હતી. જેના પરિણામે રાજ્યભરમાં ૧૦૦ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન થઈ હતી તેની વિગતો અશ્વિનીકુમારે આપી હતી. સુજલામ સુફલામ જળ અભિયાનમાં સરકાર અને જનભાગીદારીનો હિસ્સો ૫૦ : ૫૦ હતો તે હવે ૬૦ : ૪૦ કરીને વ્યાપક જનભાગીદારી જોડી છે એમ પણ તેમણે જણાવ્યું હતું.



છેલ્લા કેટલાક સમયથી લોકડાઉનના કારણે ધંધા-રોજગાર પર અસર પડી છે. લોકોને જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે પણ તકલીફ પડી રહી છે. આવા સમયે સરકાર ગરીબોની વ્હારે આવી છે. બીપીએલ અને એપીએલ કાર્ડ ધારકોને સરકાર દ્વારા રાશન આપવામાં આવી રહ્યું છે. સેકટર-૨ ૩માં સસ્તા અનાજની દુકાનો પર રાશન લેવા માટે ભીડ જોવા મળી રહી છે.

# ગાંધીનગર સિવિલની મુલાકાતે કોંગી નેતાઓ

ગાંધીનગર, તા. ૨૫
વૈશ્વિક કોરોના મહામારીમાં સપડાયેલા દર્દીઓની, તેમને અપાતી સારવાર, દવાઓ, થયેલા દર્દીઓની તેમજ સારવાર અંગેની જાત માહિતી મેળવી હતી. ગુજરાત સરકારે આપેલા ધમણ એટલે કે વેન્ટીલેટર અંગે



સાધનો, મેડીકલ સ્ટાફ, લેબોરેટરી, કોરોના ટેસ્ટીંગ અંગેની વિગેરેની જાત માહિતી લેવા આજરોજ તા.૨૫-૫-૨૦૨૦, સોમવારના રોજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, જિલ્લા મંત્રી શનાભાઈ ચૌધરીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મદદનિશ આર.એમ.ઓ કલ્પેશ જશપરા સહિત આરોગ્ય અધિકારીની મુલાકાત લીધી હતી. સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ અધિકારીઓએ જણાવ્યુ હતુ કે અહિ જુના વેન્ટીલેટર મશીનો જ વાપરવામાં આવે છે. આ તબક્કે ફિઝિકલ ડિસ્ટન્સ જાળવી, મર્યાદિત સંખ્યામા હાજર રહીને કલેકટરના જાહેરનામાને ધ્યાન રાખીને ફક્ત બે જ આગેવાનોએ સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરની મુલાકાત લઈને માહીતી મેળવી હતી તેવું ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવાયું છે.

### ઓનલાઈન કરાઓકે સિંગિંગ કરતાં લોકલ સિંગર્સને મળી રહ્યો છે

# બોલિવુડના મશહૂર ગાયકો સાથે લાઈવ સિંગિંગ કરવાનો મોકો

ગાંધીનગર તા. ૨૫
"લોકડાઉન" એ એવી સ્થિતિ બની ચૂકી છે જે મોટાભાગના નાગરિકોને આકરી લાગે છે પરંતુ અનેક નાગરિકો એવા પણ છે કે જેમના માટે આ સ્થિતિ આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે, ખાસ કરીને જે નાગરિકો પોતાનો કોઈ શોખ કે મનગમતી પ્રવૃતિ નિર્વિઘ્ને કરી શકે છે તેમના માટે લોકડાઉન એ કંટાળાજનક નહીં પરંતુ આનંદદાયક બની રહ્યું છે. લોકડાઉનમાં અત્યારે ઓનલાઈન પ્રવૃતિઓની ભરમાર જામી છે જેમાં ઓનલાઈન ટ્રેનીંગ, વેબીનાર, ગેમ્સ, મીટિંગ, ચેટિંગ તથા રસોઈ શો જેવા અનેક આયોજનો જોવા મળી રહ્યા છે તે સાથે સાથે ઓનલાઈન કરાઓકે સિંગિંગ જે અગાઉ લોકડાઉન પહેલા જ લોકપ્રિય બની ચૂક્યું હતું તેને અત્યારે ખૂબ વેગ મળ્યો છે. અત્યારે તો ગાંધીનગરના અનેક અનુભવી-બિનઅનુભવી કરાઓકે સિંગર્સ બોલિવુડના મોટા સ્ટાર સિંગર્સ જેવાકે શાન, નેહા કક્કાર, સુજાતા સિંઘ વગેરે સાથે લાઈવ ઓનલાઈન સિંગિંગ કરવાનો લ્હાવો પણ પ્રાપ્ત કરી રહ્યા છે.



લોકડાઉન પહેલા ગાંધીનગરમાં વિવિધ મ્યૂઝિકલ ગ્રૂપ દ્વારા કરાઓકે સિંગિંગની પ્રવુતિઓને ભરપૂર વેગ મળ્યો હતો જેમાં મનોરંજન મ્યૂઝિકલ સ્ટુડિયો, સ્મિત મ્યુઝિક, સ્વર ગુંજન, સૂર નાદ, સ્વર ધડકન, મધુ ફાઉન્ડેશન, હેપ્પી મ્યૂઝિકલ ગ્રૂપ જેવા અનેક ગ્રૂપ દ્વારા લાઈવ કરાઓકે સ્ટેજ શોનું નિયમિત આયોજન કરવામાં આવતું હતું જેમાં ગાંધીનગરના અનેક નામી-અનામી, અનુભવી-બિન અનુભવી કલાકારોને ઓરિજનલ મ્યૂઝિકલ ટ્રેક પર ગાવાની તક મળતી હતી. આ પૈકી મોટા ભાગના કલાકારોએ ઓનલાઈન કરાઓકેની એપ્પનો ઉપયોગ કરીને સિંગિંગનો વિકસાવ્યો હતો. આ સિવાય પણ શહેરમાં અનેક યુવાનો જેઓ સિંગિંગનો શોખ ધરાવે છે તેઓ ઓનલાઈન કરાઓકે એપ્પ જેવી કે સ્ટાર મેકર, સ્મૂલ વગેરેનો ઉપયોગ કરી પોતાની ગાયકીને વેગ આપી રહ્યા છે. જો કે આ સિંગર્સ માટે હવે લોકડાઉન આશીર્વાદરૂપ સાબિત થયું છે કેમ કે એક તો તેમને ઓનલાઈન કરાઓકે સિંગિંગ કરવાનો ભરપૂર સમય મળી રહે છે બીજુકે ત્યારે બોલિવૂડના મશહૂર સિંગર્સ જેવાકે શાન, નેહા કકકર, સુજાતાસિંઘ સહિત અનેક જાણીતા ગાયકોથી માંડીને લોકલ સિંગિંગ સ્ટાર્સ પણ ઓનલાઈન કરાઓકે સિંગિંગ કરી રહ્યા છે જેઓની સાથે જોડી બનાવીને લાઈવ ઓનલાઈને સિંગિંગ કરવા મળી રહ્યું છે. એચએએલ ગાંધીનગરમાં ઓનલાઈન લાઈવ કરાઓકે સિંગિંગ ખૂબ લોકપ્રિય થઈ રહ્યું છે.



**લીંબડીયા ગ્રામ પંચાયત દ્વારા આર્યુવેદિક ઉકાળાનું ઘરે ઘરે વિતરણ કરાયુ**

કોરોના વાઈરસ કોવિડ-૧૯ સામે સંક્રમણ અટકાવવા માટે આર્યુવેદિક ઉકાળો-હોમિયોપેથી દવા, દો ગજની દૂરી એકમાત્ર ઉત્તમ ઉપાય છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક સેવાભાવી નાગરિકો દ્વારા સામુહિક પ્રયાસરૂપે તાલુકાના લીંબડીયા ગ્રામ પંચાયત દ્વારા આર્યુવેદિક ઉકાળો સમગ્ર ગામના ગ્રામજનો માટે ઘરે ઘરે સ્વયંસેવકો દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉકાળો ૧૮ વર્ષથી મોટા માટે ૨૦ મીલી ગ્રામ અને નાના વયના બાળકોને ૧૦ મી.લી. ગ્રામ માત્રામાં ઉકાળો પીવો તેવુ સરપંચ હર્ષદભાઈ પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

# સિવિલની સ્થિતિ જોઈ એડમિટ થતા ભયભીત છે કોરોના દર્દી

### મોડી સારવાર મળતા મૃતકોની સંખ્યા વધુ : કોરોનાની મહામારી અને અમદાવાદ સિવિલ હોસ્પિટલની ખરાબ હાલતથી લોકોમાં ડર પેદા થઈ ગયો છે : અહેવાલ

અમદાવાદ, તા. ૨૫
કોરોનાની મહામારી અને સિવિલ હોસ્પિટલની ખરાબ હાલતથી લોકોમાં ડર પેદા થઈ ગયો છે. આ કારણે તેઓ હોસ્પિટલમાં એડમિટ થવાથી દૂર ભાગે છે અને જ્યારે સ્થિતિ વધારે ખરાબ થાય છે ત્યારે તેમને એડમિટ થવું પડે છે. પરંતુ ત્યાં સુધીમાં ખૂબ મોડું થઈ જાય છે અને તેઓ કોરોનાથી મોતને ભેટે છે. આવા જ ત્રણ મૃતકોના પરિવાર છે, જેઓ હોસ્પિટલમાં જવા તૈયાર નહોતા અને આખરે કોરોના વાયરસથી તેમનું મોત થઈ ગયું. પહેલા કેસમાં વસ્ત્રાલના ૫૫ વર્ષનાી આધેડ હતાં, જેમને ૧૦ દિવસથી શરદી, ખાસી અને તાવ હતો. હાઈપરટેન્શનથી પીડિતા આ વ્યક્તિએ સ્થાનિક ડોકટરને બતાવીને ગુરુવાર સુધી તેની પાસેથી દવા લીધી અને બાદમાં તેમને શ્વાસ લેવામાં મુશ્કેલી આવવા લાગી. ગુરુવારે રાત્રે તેમની સ્થિતિ ખરાબ થતા પરિવારે ૧૦૮ને ફોન કરીને બોલાવી. જે બાદ તેમને શારદાબેન હોસ્પિટલમાં લઈ જવાયા. પરંતુ ત્યાં પહોંચતા ડૉક્ટરે તેમને મૃત જાહેર કરી દીધા હતાં. મૃતકના સંબંધીએ કહ્યું, પરિવાર અને સંબંધીઓના સમજાવવા છતાં પણ તેઓ અસારવા સિવિલ કેમ્પસમાં બનેલી નવી કોવિડ-૧૯ હોસ્પિટલમાં નહોતા જવા ઈચ્છતા. અસારવામાં જ ૪૫ વર્ષનો એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતો હતો અને તેને ૧૫ દિવસથી સૂકા કફની સમસ્યા હતી. આ બાદ તેણે સ્થાનિક ડોકટરનો બતાવ્યું. પરિવારના સભ્યએ કહ્યું, તે નવી તૈયાર કરાયેલી કોવિડ-૧૯ હોસ્પિટલમાં જવા તૈયાર નહોતા. તેને ડર હતો કે ત્યાં કોરોનાનું સંક્રમણ લાગી જશે. કોવિડ-૧૯ હોસ્પિટલમાં વધી રહેલા મોતની સંખ્યાથી વધારે ડર પેદા થયો હતો. આ વ્યક્તિને પણ સ્થિતિ ગંભીર થતા અસારવા સિવિલમાં એડમિટ કરાયો હતો. અને ગુરુવારે સવારે તેનું મોત થઈ ગયું. ત્રીજા કેસમાં ઓઢવમાં રહેતા ૫૪ વર્ષના મહિલાનું પણ અઠવાડિયા પહેલા જ કોરોનાથી મોત થયું. તેમના સંબંધીએ કહ્યું, તેમનો પણ સિવિલમાં કોરોના વાયરસથી મરતા લોકોના વોર્ડમાં એડમિટ થવાનો ડર હતો. મૃતક મહિલાના ભાઈ કહે છે, મારી બહેનનો અઠવાડિયાથી સૂકો કફ હતો અને તેમને સિવિલમાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં બે દિવસની સારવાર બાદ તેમનું મોત થઈ ગયું. ઉલ્લેખનીય છે કે, આ પહેલા સિવિલમાં બનેલી નવી કોવિડ-૧૯ હોસ્પિટલમાં દર્દીની સારવારમાં બેદરકારીનો કેટલાક કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે. જેમાં દર્દીઓએ જ વિડીયો બનાવીને હોસ્પિટલની પોલ નાખી હતી. સિવિલની ખરાબ સ્થિતિ જાતાં હાઈકોર્ટે પણ સરકારને ફટકાર લગાવી હતી.

# જાણીતા જ્યોતિષી બેજાન દારૂવાલાને પાઝિટીવ નથી

જાણીતા જ્યોતિષી બેજાન દારૂવાલા કોવિડ-૧૯નો શિકાર બન્યા હોવાના અહેવાલ વહેતા થયા હતાં. ત્યારે આ તમામ અટકળો પર બેજાન દારૂવાલાના પુત્ર નાસ્તૂર દારૂવાલાએ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું, બેજાન દારૂવાલાને કોરોના નથી થયો. તેઓ લંગ ઈન્ફેક્શનથી પીડાય છે અને તેમની હાલત સ્થિર છે. બેજાન દારૂવાલાની તબિયતની જાણકારી આપતા નાસ્તુર દારૂવાલાએ જણાવ્યું કે, ૯ દિવસ પહેલા તેમને અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. ન્યુમોનિયા અને શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ ખૂબ ઓછું થઈ જતાં તેમને શ્વાસ લેવામાં તકલીફ થતી હતી. હાલ તેઓ વેન્ટિલેટર પર નથી અને તેની હાલત સુધારા પર છે. શનિવારે સાંજે સોશિયલ મીડિયા પર અફવા ઊઠી હતી કે, બેજાન દારૂવાલાનો કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.

## દુઃખદ અવસાન

ગાંધીનગરના સેકટર-૨સીમાં પ્લોટ નંબર ૧૫૦૭/૨ નિવાસી તથા પંચાયત વિભાગના નાયબ સેક્શન અધિકારી શ્રીમતિ ભાવનાબેન કેતન દોશીનું આજરોજ દૂઃખદ નિધન થયું છે.